# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/119 Dt. 03/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ભારત સરકારની કાપડ મંત્રાલયની અતિ મહત્વની Fiscal, Banking and Credit Interventions for the Textile, Apparel and Handicrafts Sector માટેની કમિટીમાં ચેમ્બરના પ્રમુખની નિમણૂંક

### કમિટીમાં ટેક્ષ્ટાઇલ, એપરલ અને હેન્ડીક્રાફટ ક્ષેત્રે બેન્કીંગ ફાયનાન્સ તથા ક્રેડિટ અંગેની મુશ્કેલીઓના નિરાકરણ માટેના તથા અન્ય વિવિધ સૂચનો આપવાના રહેશે

**સુરતઃ** ભારત સરકારના કાપડ મંત્રાલય દ્વારા ફિસકલ, બેન્કીંગ એન્ડ ક્રેડિટ ઇન્ટરવેન્શન્સ ફોર ધ ટેક્ષ્ટાઇલ, એપરલ એન્ડ હેન્ડીક્રાફટ સેકટર માટેની કમિટીના ચેરમેન તરીકે કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી (CITI)ના ચેરમેનની નિમણૂંક કરવામાં આવી છે, સાથે જ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અથવા તેમના દ્વારા એપોઇન્ટ કરવામાં આવનાર પ્રતિનિધિની કમિટીમાં સભ્ય તરીકે નિમણૂંક કરવામાં આવશે.

ભારત સરકારના કાપડ મંત્રાલયની ઉપરોકત કમિટીના મુખ્ય હેતુઓ વિષે વાત કરીએ તો ટેક્ષ્ટાઇલ, એપરલ અને હેન્ડીક્રાફટ ક્ષેત્રે બેન્કીંગ ફાયનાન્સ તથા ક્રેડિટ અંગેની મુશ્કેલીઓના નિરાકરણ માટેના સૂચનો આ કમિટીમાં આપવામાં આવશે. આ ઉપરાંત, જીએસટીના દર રેશનલાઇઝેશન, ટેરિફ માટેના સૂચનો, એસએમઇઝને વર્કીંગ ટ્રેડ ફાયનાન્સ સમયસર, સસ્તુ અને જરૂરિયાત મુજબ ક્રેડિટ મળી રહે તે માટેના સૂચનો આપવાના રહેશે.

એક્ષ્પોર્ટ ફાયનાન્સ માટે વિશ્વભરમાંથી મોડેલ સ્ટડી કરીને આપણા દેશ માટે કયું મોડેલ એડેપ્ટ કરી શકાય તેનું સૂચન પણ આ કમિટીમાં સભ્યો દ્વારા કરવામાં આવશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ટેક્ષ્ટાઇલનું એક્ષ્પોર્ટ ૧૦૦ બિલિયન યુએસ ડોલરનો લક્ષ્યાંક કઇ રીતે હાંસલ કરી શકાય તે અંગેના સૂચનો પણ કમિટીમાં આપવાના રહેશે.

ઉપરોક્ત કમિટીની મિટીંગ ૧૫ દિવસમાં એક વખત મળશે, જેમાં ચાર અઠવાડિયામાં વર્ષગાળાનો રિપોર્ટ આપવાની જોગવાઇ કરવામાં આવી છે. આ કમિટીમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ ઉપરાંત કોન્ફેડરેશન ઓફ ઇન્ડિયન ઇન્ડસ્ટ્રી (CII), AEPC, TEXPROCIL, CEPC, PDXECILના પ્રતિનિધિઓ સભ્ય તરીકે જોડાશે.